ગાંધીનગર સમાચાર

ભાજપ-શિવસેના ગઠબંધન સામે સંકટના વાદળો

૧૩૫ સીટ પર ચૂંટણી લડવાની ભાજપની માંગને અંતે ફગાવાઈ : મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણી એકલા હાથે

ચૂંટણી લડવા શિવસેના વડા ઉદ્ધવ ઠાકરેનો સંકેત : વિસ્તૃત વાતચીતનો દોર હજુ પણ યથાવતરીતે જારી



મુંબઈ,તા. ૧૫

ભાજપ અને શિવસેના વચ્ચે બેઠકોની વહેંચણીને લઈને મડાગાંઠ વધુ ગંભીર બની ગઈ છે. બેઠકોની વહેંચણીને લઈને પોતાનું વલણ વધુ કઠોર બનાવીને શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ આજે કહ્યું હતું કે, મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં ૧૩૫ બેઠકો પર ચૂંટણી લડવા માટે સાથી પક્ષ ભાજપ દ્વારા કરવામાં આવેલી માંગણીને તેઓ ફગાવી ચુક્યા છે. ઉદ્ધવે એવો સંકેત આપ્યો હતો કે, મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં તે એકલા હાથે પણ મેદાનમાં ઉતરી શકે છે. દરેક વિકલ્પો ઉપર ચર્ચા ચાલી રહી છે. ભાજપ અને શિવસેના બંને પોતપોતાના વલણ ઉપર મક્કમ રહેતા સ્થિતિ વધુ જટિલ બની ગઈ છે. ગઠબંધન સામે સંકટના વાદળો ફલાઈ ગયા છે. જો કે, વાતચીતનો સિલસિલો હજુ પણ ચાલી રહ્યો છે અને કોઈ ઉકેલ શોધી કાઢવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. ભાજપે એક એવી દરખાસ્ત રજૂ કરી છે જે હેઠળ તેઓ ૧૩૫ બેઠકો પર ચૂંટણી લડવા ઈચ્છુક છે. ઉદ્ધવે શનિવારના દિવસે જ કહ્યું હતું કે, આગામી મુખ્યમંત્રી શિવસેના તરફથી રહેશે. જો ગઠબંધન સત્તા પર આવશે તો શિવસેનાના નેતા મુખ્યમંત્રી બનશે. બીજી બાજુ કેટલાક લોકોએ કહ્યું છે કે, વિવાદનો ઉકેલ શોધી કાઢવામાં આવશે. ચૂંટણીમાં એકલા હાથે લડવાને લઈને બંને પક્ષો સ્પષ્ટ વાત કરી રહ્યા નથી. ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રવક્તા રાજીવ પ્રતાપ રુડીએ કહ્યું છે કે, તેમની પાર્ટીએ ખુબ જ યોજનાપૂર્વક ફોર્મ્યુલા રજૂ કરી છે. આરપીઆઈ, રાજુ શેટ્ટીની સ્વાભિમાની સત્કારી સંગઠનને બેઠકોનો ફાળવણી કરવામાં આવ્યા બાદ મહા ગઠબંધન માટે ૧૩૫ બેઠકની માંગ કરી છે. શિવસેના અને પોતપોતાના વલણ ઉપર મક્કમ છે.

વર્ષ ૨૦૦૯માં યોજાયેલી વિધાનસભાની ચૂંટમીમાં શિવસેનાએ ૧૬૯ અને ભાજપે ૧૧૯ બેઠકો ઉપર ચૂંટણી લડી હતી. ઉદ્ધવનું કહેવું છે કે, તેઓ હાલ કોઈ નકારાત્મક વાત કરવા માંગતા નથી. ઉદ્ધવનું કહેવું છે કે, બંને પાર્ટી વચ્ચેના સંબંધ ૨૫ વર્ષ જુના છે. બંને સાથે મળીને ચૂંટણી લડે તે જરૂરી છે. બીજી બાજુ ભાજપે મહારાષ્ટ્રમાં પણ જોરદાર સપાટો બોલાવવા તૈયારી કરી છે. ઉદ્ધવે કહ્યું હતું કે, ભાજપ અને શિવસેના બંને એકબીજાની ખુબ નજીક છે. ભાજપના રાજ્યપ્રમુખ દેવેન્દ્ર ફડનવિસ અને ઓપી માથુર સાથે ઉદ્ધવ સતત સંપર્કમાં છે. ભાજપ અને શિવસેના એક સાથે મેદાનમાં ઉતરશે કે કેમ તેને લઈને તમામ રાજકીય પક્ષોમાં ચર્ચા ચાલી રહી છે. મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણી માટે ભાજપે ૧૫૦થી વધુ બેઠકો જીતવાની તૈયારી કરી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સંદર્ભમાં પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં કોઈ વાત કરી ન હતી. મોદીના લીધે શિવસેનાને ફાયદો થયો નથી તેમ તેઓ કહેવા માંગતા નથી. લોકસભાની ચૂંટણીમાં એનડીએમાં શિવસેનાની પણ મોટી ભૂમિકા હતી.

તમિળનાડુ, પંજાબ, ઓરિસ્સા અને પશ્ચિમ બંગાળમાં સાથી પક્ષોએ સારો દેખાવ કર્યો હતો. આ રાજ્યોમાં મોદીની લહેર રહી ન હતી. હવે ભાજપના રાજ્યપ્રમુખ પણ કહી રહ્યા છે કે, સ્થિતિને હળવી કરવાના પ્રયાસો ચાલી રહી છે. સ્થિતિને સુધારી લેવામાં આવશે. વિધાનસભાની ચૂંટણી માટેનો કાર્યક્રમ જાહેર થઈ ચુક્યો છે ત્યારે ભાજપ અને શિવસેના વચ્ચે ખેંચતાણને લઈને હજુ ચિત્ર સ્પષ્ટ થઈ શક્યું નથી.

પેટાચુંટણીમાં ૩૩ બેઠકોના આજે પરિણામ

ભારે સસ્પેન્સની સ્થિતિ : લોકસભાની ચુંટણી બાદ ભાજપના દેખાવ પર તમામની નજર : નરેન્દ્ર મોદી સરકાર કેન્દ્રમાં આવ્યા બાદ ત્રીજી પેટાચુંટણીમાં કોની જીત થશે તેને લઈને રાજકીય ગણતરીનો દોર : બપોર સુધીમાં તમામ પરિણામ મળશે

નવી દિલ્હી,તા. ૧૫

નવ રાજ્યોને આવરી લેતી લોકસભાની ત્રણ અને વિધાનસભાની ૩૩ બેઠકોની પેટાચૂંટણી માટેના આવતીકાલે પરિણામ જાહેર કરવામાં આવનાર છે. બપોર સુધી સમગ્ર ચિત્ર સ્પષ્ટ થઈ જાય તેવી સંભાવના છે. આના માટે તંત્રે તમામ તૈયારી કરી લીધી છે. ૧૩મી સપ્ટેમ્બરના દિવસે પેટાચૂંટણી માટે મધ્યમથી ભારે મતદાન થયું હતું. ઉત્તરપ્રદેશમાં લોકસભાની એક અને વિધાનસભાની ૧૧ બેઠકોની પેટાચૂંટણીમાં ૫૩ ટકા મતદાન થયું હતું. મૈનપુરી લોકસભા બેઠકમાં ૫૨.૩ ટકાથી વધુ મતદાન થયું હતું. બીજી બાજુ છત્તીસગઢમાં પણ ૫૦ ટકાથી વધુ મતદાન નોંધાયું હતું. જુદા જુદા મતવિસ્તારમાં નોંધપાત્ર મતદાન થયું હતું.

નરેન્દ્ર મોદી સરકાર સત્તામાં આવ્યા બાદ આ પેટાચુંટણી ખૂબ જ મહત્વપૂર્ણ છે. ત્રણ હાઈપ્રોફાઈલ લોકસભા બેઠકો ઉપરાંત ૩૩ વિધાનસભાની બેઠકો પર અનેક મોટા માથાના ભાવિ મતદાનની સાથે જ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા.જેના ભાવિનો આવતીકાલે હવે ફેંસલો થનાર છે. જે રાજ્યોમાં પેટાચૂંટણી યોજાઈ હતી તેમાં ઉત્તરપ્રદેશમાં ૧૧, રાજસ્થાન ૪, આસામમાં ૩, ગુજરાતમાં ૯, પશ્ચિમ બંગાળમાં ૨, ત્રિપુરા, આંધ્રપ્રદેશ, છત્તીસગઢ અને સિક્કીમમાં ૧-૧ બેઠકનો સમાવેશ થાય છે.

આ પેટાચૂટણી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ સરકાર માટે કસૌટી સમાન છે. બીજી બાજુ લોકસભાની ચૂંટણીમાં કારમી હારનો સામનો કરનાર કોંગ્રેસ સહિતની રાજકીય પાર્ટી માટે પોતાને ચકાસવાનો સમય છે. તેમની સ્થિતીને ફરી મજબુત કરવાનો સમય પણ છે. મોદી સરકાર સત્તામાં આવ્યા બાદ ત્રીજી પેટાચૂંટણી છે. લોકસભાની ચૂંટણી બાદ તરત યોજાયેલી ઉત્તરાખંડ વિધાનસભાની ત્રણ બેઠકોની પેટાચૂંટણીમાં ભાજપની કારમી હાર થઈ હતી. ભાજપની ત્રણેય બેઠકો પર કોંગ્રેસની સામે હાર થઈ હતી. ગયા મહિનામાં જ બિહાર સહિત ચાર રાજ્યોમાં ૧૮ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી યોજાઈ હતી જેમાં એનડીએની હાલત સારી રહી ન હતી. યુપીએ ૧૦ બેઠકો જીતી જવામાં સફળ રહ્યું હતુ.

છેલ્લે પેટાચૂંટણીમાં તમામની નજર બિહાર પર હતી. જ્યારે હવે તમામની નજર યુપી પર છે. કારણ કે લોકસભાની ચૂંટણીમાં ભાજપે અહીં ઈતિહાસ સર્જીને ૮૦ પૈકીની ૭૦ બેઠકો જીતી લીધી હતી.રાજસ્થાનમાં નસીરાબાદ, સુરજગઢ, કોટા દક્ષિણ અને વીર બેઠક પર મતદાન યોજાયું હતું. જેના પરિણામ આવતીકાલે જાહેર કરવામાં આવનાર છે. આાસામમાં ત્રણ બેઠકો પર પેટાચૂંટણી માટે મતદાન યોજાયું હતું જેમાં લખીમપુર, સિલચર અને જમુનામુખનો સમાવેશ થાય છે.આ બેઠકોના પરિણામ પણ આવતીકાલે જાહેર કરવામાં આવનાર છે. પેટાચૂંટણીમાં ભાજપ કેવો દેખાવ કરે છે તેના પર તમામની નજર રહેશે.

ઓગસ્ટ મહિનામાં ડબલ્યુપીઆઈ આધારિત ફુગાવો ૩.૭૪ ટકા

ફુગાવો ઘટીને પાંચ વર્ષની નીચી સપાટીએ : લોકોને મોટી રાહત : શાકભાજી અને અન્ય ખાદ્યાન્ન ચીજવસ્તુઓની કિંમતમાં ઉલ્લેખનીય ઘટાડો થયો : રેપોરેટમાં કાપ મુકવામાં આવે તેવી સંભાવના : ગણતરીનો દોર શરૂ

નવીદિલ્હી,તા. ૧૫

હોલસેલ પ્રાઈઝ ઈન્ડેક્સ (ડબલ્યુપીઆઈ) ફુગાવો ઘટીને પાંચ વર્ષની નીચી સપાટીએ પહોંચી ગયો છે. મોંઘવારીમાં ઉલ્લેખનીય ઘટાડો થતાં મોદી સરકારને મોટી રાહત થઈ છે. જુલાઈ મહિનામાં ફુગાવો ૫.૧૯ ટકા હતો જે ઘટીને ઓગસ્ટ મહિનામાં ૩.૭૪ ટકા થઈ ગયો છે. શાકભાજી અને અન્ય ખાદ્યાન્ન ચીજવસ્તુઓની કિંતમમાં ઘટાડો થતાં હોલસેલ ફુગાવો ઓગસ્ટ મહિનામાં ઘટીને ૩.૭૪ ટકા થયો છે. તમામ બ્રોડ કેટેગરીમાં કિંમતોમાં ઘટાડો થયો છે. ફુગાવાનો દર ઓગસ્ટ ૨૦૧૩માં ૬.૯૯ ટકાની સપાટીએ હતો જે આરબીઆઈના સંતોષજનક સ્તર પાંચ ટકાથી વધારે હતો પરંતુ હવે ફુગાવાનો દર ઘટી ગયો છે. રેપોરેટમાં ઘટાડો થાય તેવી સ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે. શુક્રવારના દિવસે જારી કરવામાં આવેલા આંકડામાં જણાવવામાં આવ્યું હતું કે, રિટેલ ફુગાવો પણ ઓગસ્ટ મહિનામાં ઘટીને ૭.૮ ટકા થયો હતો જે જાન્યુઆરી ૨૦૧૫ માટે રિઝર્વ બેંક દ્વારા નક્કી કરવામાં આવેલા આઠ ટકાના ટાર્ગેટ કરતા ઓછો દર છે. જો કે, રિઝર્વ બેંક માને છે કે, હાલમાં પોલિસી રેટને યથાવત રાખવામાં આવશે. કન્ઝ્યુમર ચીજવસ્તુઓમાં ઉથલપાથલ જોવા મળી રહી છે.



પ્રાયમરી આર્ટિકલ્સમાં ફુગાવો ૩.૮૯ ટકા ઓગસ્ટમાં થયો છે જે અગાઉના મહિનામાં ૬.૭૮ ટકા હતો. આવી જ રીતે ફ્યુઅલ અને પાવર ફુગાવો ક્રમશઃ ૭.૪૦ ટકાથી ઘટીને ૪.૫૭ ટકા થયો છે જ્યારે મેન્યુફેક્ચર વસ્તુઓનો ફુગાવો ૩.૬ ટકાથી ઘટીને ૩.૪૫ ટકા થયો છે. ખાદ્યાન્ન ફુગાવો પણ આ ગાળા દરમિયાન ૮.૪૩ ટકાથી ઘટીને ૫.૧૫ ટકા થયો છે. જો કે, બટાકામાં ફુગાવો એક મહિના અગાઉ ૪૬.૪૧ ટકાથી વધીને ઓગસ્ટમાં ૬૧.૬૧ ટકા થયો છે. ખાદ્યાન્ન ફુગાવો અને અન્ય ઘણા ફુગાવાઓને લઈને કેટલાક સમયથી સરકારની ટિકા પણ થઈ રહી હતી. ઓગસ્ટમાં ફુગાવો ઘટીને પાંચ વર્ષની નીચી સપાટીએ પહોંચતા મોદી સરકારને મોટી રાહત થઈ છે.

આશરે ૩૦૦ ચીની સૈનિકોએ ભારતીય જવાનોને ઘેરી લીધા

લડાખમાં ફરી એકવાર તંગદીલી ફેલાઇ : ભારતીય ક્ષેત્રમાં ૫૦૦ મીટર અંદર સુધી ચીની સેનિકોની ઘુસણખોરીના અહેવાલના એક દિન બાદ વધુ એક બનાવ

નવી દિલ્હી,તા. ૧૫

ચીની સૈનિકોએ સરહદ પર દુસાહસ કરવાનુ જારી રાખ્યું છે. લડાકના દેમચોક વિસ્તારમાં ભારતીય ક્ષેત્રની અંદર ૫૦૦ મીટર સુધી ઘુસી જઈને કેટલીક જગ્યાએ છાવણી ઉભી કર્યાના એક દિવસ બાદ હવે નવા અહેવાલ આવ્યા છે. જેમાં દાવો કરવામાં આવ્યો છે કે ચીની સેનિકોએ ફરી એકવાર દુસાહસ કરીને ૧૦૦ ભારતીય સેનિકોએ ઘેરી લીધા છે. આશરે ૩૦૦ ચીની સૈનિકોએ ભારતીય જવાનોને ઘેરી લીધા હતા. ભારતીય જવાનોની સામે મુશ્કેલી ઉભી કરી હતી. સૌથી વધારે ચિંતાજનક બાબત એ છે કે આ બનાવ ભારતીય ક્ષેત્રની અંદર બન્યો હતો. ભારત તરફથી હજુ સુધી કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી. ચીની સૈનિકોને રોકવા માટે હવે ભારત-ટિબેટ બોર્ડર પોલીસના ૭૦ જવાનોને તૈનાત કરવામાં આવી ચુક્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગયા મહિને પણ ચીની સૈનિક ૨૫ કિલોમીટર સુધી ભારતીય સરહદમાં ઘુસી ગયા હતા. ચીની સૈનિકો લડાખના બુર્તસે ક્ષેત્ર સુધી પહોંચી ગયા હતા. વર્ષ ૨૦૧૪માં ચીની સેના દ્વારા યુદ્ધ વિરામનો વ્યાપક ભંગ કરવામાં આવ્યો હતો. સરહદનો ભંગ કરીને ૩૩૪ વખત ચીની સૈનિકો ભારતીય ક્ષેત્રમાં ઘુસી ગયા હતા.

પીએલએ દ્વારા ઘુસણખોરી એવા સમયે કરી છે જ્યારે ચીનના પ્રમુખ જિંગપિંગ ભારતના પ્રવાસે આવી રહ્યા છે. જિંગપિંગ ગુજરાતના અમદાવાદ શહેરમાં આવનાર છે. ભારત અને ચીન સરહદ ઉપર ફરી એકવાર વિસ્ફોટક સ્થિતિ ઉભી થઈ છે. ચીની સૈનિકો દ્વારા વારંવાર આ પ્રકારની સ્થિતિ ઉભી કરવામાં આવે છે. ચીની પ્રમુખ સમક્ષ વડાપ્રધાન નરેન્દ્ર મોદી જોરદાર રીતે ચીની સેનિકોની ઘુસણખોરીનો મુદ્દો ઉઠાવે તેમ પણ માનવામાં આવે છે.

રામ લીલા પર આતંકવાદી હુમલાનો ખતરો : અહેવાલ

નવા ગુપ્તચર અહેવાલમાં ચેતવણી અપાઇ : ઉત્સવોની સિઝનમાં જરૂરી સાવધાની રાખવાની સલાહ

નવી દિલ્હી,તા. ૧૫

દેશમાં જુદા જુદા વિસ્તારોમાં યોજાતી રામલીલા પર આ વખતે ત્રાસવાદી હુમલાનો ખતરો તોળાઈ રહ્યો છે. ગુપ્તચર અહેવાલ બાદ સાવધાનીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. હુમલા કરવા માટે મહિલાઓ અને બાળકોનો ઉપપોયગ કરવામાં આવી શકે છે. જેથી સાવચેતી રાખવા માટે કહેવામાં આવ્યું છે. દિલ્હી પોલીસે રામ લીલા યોજનાર આયોજકોને સુરક્ષા વ્યવસ્થા વધારે મજબુત કરવા માટે કહેવામાં આવ્યું છે. મોટી લીલામાં જ્યાં વધારે લોકો પહોંચે છે ત્યાં સાવચેતી વધારે રાખવા માટે કહેવામાં આવ્યું છે. રામ લીલા મેદાનમાં યોજનાર લવકુશ રામ લીલા કમિટીના વડા અશોક અગ્રવાલે કહ્યું છે કે આ વખતે એક હજાર કર્મચારીઓને લઈને અલગથી એક રામ સેવક મંત્રાલયની રચના કરવામાં આવશે. આ તમામને વાયરલેસ સેટ આપવામાં આવનાર છે. સાવધાની રાખીને આ લોકો એકબીજાની સંપર્કમાં રહે તેવી વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. લીલાના સ્થળે ટિફિન, બેંગ અને મોટા થેળા લઈ જવાની કોઈને મંજૂરી અપાશે નહી.

દરેક ચાહકને ડોરફ્રેમ મટલ ડિટેક્ટરમાંથી પસાર કરવામાં આવસે. તમામની હેન્ડ મેટલ ડિટેકટરથી પણ ચકાસણી કરવામાં આવનાર છે. લીલા શરૂ થતા પહેલા દરરોજ મેદાનની ઉંડી ચકાસણી કરવામાં આવનાર છે. આ જ મેદાનમાં યોજાનાર નવ શ્રી ધાર્મિક લીલા પ્રચાર મંત્રી રાહુલ શર્માએ માહિતી આપતા કહ્યું છે કે લીલા સ્થળના દરેક વિસ્તારની ચકાસણી સતત કરવામાં આવનાર છે.

આના માટે દરેક જગ્યાએ સીસીટીવી કેમેરા મુકવામાં આવનાર છે. સાથે સાથે ખાસ મંચ સ્થાપિત કરવામાં આવશે જ્યાં સ્થાનિક લોકોની તેનાતી રહેશે. આ લીલા સ્થળના મુખ્ય પ્રવેશ દ્વારા પર એક સ્વીચ મુકવામાં આવસે જેને કોઈ ખતરાની સ્થિતિમાં પ્રેસ કરવાથી કન્ટ્રોલ રૂમ સુધી મેસેજ જશે. કોઈ તકલીફ છે તેમ માનીને તરત જ પોલીસ પહોંચી જશે.

ડોલરની સામે રૂપિયો ૬૧.૧૩ની સપાટીએ

મુંબઈ,તા.૧૫

શેરબજારમાં મંદીની સાથે સાથે ડોલર સામે રૂપિયામાં પણ મોટો કડાકો બોલી ગયો હતો. આજે ડોલર સામ રૂપિયો ૬૧.૧૩ની સપાટીએ રહ્યો હતો. છેલ્લા દોઢ મહિનામાં એક દિવસનો સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો હતો. કસ્ટોડિયન બેંકો તરફથી ડોલરની જોરદાર માંગના લીધે રૂપિયામાં ઘટાડો થયો હતો. આ ઉપરાંત અન્ય એશિયન ચલણમાં પણ ઘટાડો થયો હતો. ૧૩મી ઓગસ્ટના દિવસે રૂપિયામાં આ સપાટી જોવા મળી હતી. શુક્રવારના દિવસે ડોલર સામે રૂપિયો ૬૦.૬૫ની સપાટીએ રહ્યો હતો.

સમાચાર ઝલક

- **દૂરદર્શનનો સ્થાપના દિવસ ઉજવાયો. ૧૯૫૯માં સ્થાપના થઈ હતી.**
- **મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણીથી રાજકીય પક્ષોમાં ગરમાવો.**
- **કેન્દ્રના અધિકારીઓને નિવૃત્તિ પછી સેવા ગાળો લંબાવાશે નહીં.**
- **પશુઓના ધંધાની આવકમાંથી આતંકવાદને પોષવામાં આવે છે - મેનકા ગાંધી.**
- **ટોલનાકા હાઈવે પરના બંધ કરાશે.**
- **દિલ્હીની તિહાર જેલમાં કેદીએ આત્મહત્યા કરીને જીવન ટુંકાવ્યું.**
- **રિવરફ્રન્ટ પર ગોઠવાયેલા તંબુ મંડપમાં વરસાદે વિઘ્ન નાખ્યું.**
- **જથ્થાબંધ મોંઘવારીના આંક ઓગસ્ટ માસમાં ઘટાડો નોંધાયો.**
- **સુરતમાં હીરાના વેપારીઓને કસ્ટમ ખાતાએ નોટીસ ફટકારી. વેપારી આલમમાં રોષ.**
- **ગાંધીધામમાં મહિલા જુગાર કલબ ઝડપાઈ, સંચાલક દંપતીની ધરપકડ.**
- **જુનાગઢમાં સ્ટાફની અછતને કારણે લેબર કોર્ટના વકીલોએ બહિષ્કાર કર્યો.**
- **ચુરિયા ખાતરની હાડમારીથી પાદરા-જંબુસરમાં ખેડૂતોનો ટ્રાફિક જામ.**
- **આંતરરાષ્ટ્રીય ક્રુડનો ભાવ ઘટતાં પેટ્રોલના ભાવમાં પણ ઘટાડો થશે.**
- **જામનગરમાં રાજવી પરિવારના મહેલમાં મોટી રકમની ચોરી.**
- **અમેઠીના રાજવીઓનો કુટુંબ કલેશ બહાર આવ્યો - ૧નું મોત.**
- **જનધન યોજનાનો દુરુપયોગ થવાની પુરી શકયતાઓ - રીઝર્વ બેંકના વડા રઘુરાજનની ચેતવણી.**

હરિયાળું હરણોધાન (પાના નં. ૪ નું ચાલુ)

તેથી જ તો આળસુ માણસને મગરમચ્છ જેવો છે એવું કહેવાય છે.

'સાહેબ આ મગરોને ઉછેરવાનું કંઈ કારણ ખરું. લોકોને જોવા માટે બે ચાર હોય તો ય ઘણું. પણ અહીં તો હવે સીત્તેર એંસી જેટલા થઈ ગયા છે.'

'તમારી વાત સાચી છે. પણ મગરનો ગેરકાયદેસર શિકાર થવાની, બંધો બાંધવાને કારણે નહીં કિનારાના મગરના માળા બાંધવાની જગ્યા નાશ પામવાથી, ખેતી માટે નદી કિનારાની જમીનનો ઉપયોગ કરવાથી, ડોરોની અવરજવરથી તેના માળાની જગ્યા ખુંદાઈ જાય છે. એ ઉપરાંત જમીનના ધોવાણ અને પુરના લીધે મગરના માળા બનાવવાતી જગ્યાને નુકશાન થાય છે તેથી મગરની સંખ્યા ઘટી રહી છે.'

'પણ સાહેબ મગરનો શિકાર કોઈ શું કામ કરે?'

'એવું કહેવાય છે કે માછલી ઉછેર માટે મગરને તેના દુશ્મન ગણી શિકાર કરવામાં આવે છે. વળી મગરની ચામડી પશ્ચિમના દેશોનાં બજારોમાં સૌથી કિંમતી અને ખુબ જ ફૅશનેબલ ગણાય છે. તેથી તેનો શિકાર વધતાં મગરોની સંખ્યા ઘટી ગઈ છે.'

'આ મગર ઉછેરનું કેન્દ્ર આપણને ત્યાં જ છે કે બીજે પણ હશે?' અમરાજીએ ઉત્સુકતાથી પુછ્યું.

'બીજે પણ છે. વડોદરા અને અમદાવાદના પ્રાણી સંગ્રહાલય તેમજ ગીરના જંગલમાં સાસણમાં પણ છે.'

'તો.. તો.. કંઈ વાંધો નહીં આવે.' અમરાજીએ હાશ થઈ.

'તો સાહેબ હવે હું જઉં મારે મોડું થાય છે.'

'તે મેં તમને કયાં રોકયા છે.'

આમ કહેતા સલામ મારી હાથમાંથી લાકડી પછાડતા એ હાલતા થયા.

(ક્રમશઃ)

પ્રસંગસર (પાના નં. ૪ નું ચાલુ)

વર્ષ ૨૦૦૬માં આ અહેવાલો તૈયાર થયા. ત્યારે, ૧૯૭ રાષ્ટ્રોએ પ્રોટોકોલમાં સહી કરી. ભારત દ્વારા પણ મોન્ટ્રીયલ પ્રોટોકોલની જોગવાઈઓના અમલીકરણનું મોનીટરીગ કરવામાં આવી રહ્યું છે. વૈશ્વિક કક્ષાએ ૨૬૦ હજાર ટનથી વધુ ઓડીએસ-ઓઝોન ડિપ્લિટીગ સબ્સ્ટન્સિસ પદાર્થોનું કાયમી ધોરણે ઉત્પાદન બંધ થયું છે. વિકાસશીલ દેશોને ખાસ નાણાકીય સહાય આપવામાં આવી છે. કેટલાંક રાષ્ટ્રો મોન્ટ્રીયલ પ્રોટોકોલમાં સહિ કરીને પાર્ટી બન્યા નથી, તેવા રાષ્ટ્રને નોન-પાર્ટિ તરીકે ઓળખવામાં આવે છે. ઓઝોન બાબતે હજી કોઈપણ કરારમાં સંમત થઈને કરાર ન કર્યો હોય, તેવા દેશોમાં એન્ડોર્રા, સાન મેરિનો અને તિમોર લેસ્તેનો સમાવેશ થાય છે.

ગ્રીન હાઉસ ગેસિસઃ

પૃથ્વીની સપાટી પરથી અથડાયને વાતાવરણમાં પરાવર્તિત થતા ઈન્ફ્રારેડ રેડિએશનના કિરણોની કુદરતી જાળ શોષીને નિયંત્રણ કરવાની કેટલાંક વાયુઓ ક્ષમતા ધરાવે છે. આવા વાયુઓને ગ્રીન હાઉસ ગેસ તરીકે ઓળખવામાં આવે છે. પૃથ્વીના વાતાવરણનો ટચૂકડો હિસ્સો ધરાવતો કાર્બન ડાયોક્સાઈડ-અંગારવાયુ, મિથેન, નાઈટ્રસ ઓક્સાઈડ, હાઈડ્રોફ્લોરો કાર્બન્સ, સલ્ફર હેક્ઝાફ્લોરાઈડ, પર્ફ્લોરોકાર્બન્સ જેવા વાયુઓની ગ્રીન હાઉસ ગેસ તરીકેની ઓળખ થઈ છે.

ક્લાયમેટ ચેન્જથી પણ ઓઝોનનું પડ પ્રભાવિતઃ પૃથ્વીના વાતાવરણની અવસ્થામાં ક્લાયમેટ ચેન્જના કારણે થતા ફેરફારો ઓઝોનના પડમાં અસર કરે છે. ક્લાયમેટ ચેન્જથી ઓઝોન બનવાની કુદરતી પ્રક્રિયામાં અસર થાય છે અને સ્ટ્રેટોસ્ફિયરમાં આવેલ ઓઝોનના આવરણમાં ઓઝોન ક્ષીણ થવા લાગે છે. સ્ટ્રેટોસ્ફિયરના તાપમાનમાં અને તેમાં વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ પાણીની વરાળમાં ક્લાયમેટ ચેન્જથી ઘટાડો થવાની શક્યતા છે. પરિણામરૂપે, પૃથ્વીના ધ્રુવ પ્રદેશો ઉપર ઓઝોનના પડને નુકશાન થઈ શકે છે. પૃથ્વીની સપાટી પરથી પરાવર્તિત થતા ઈન્ફ્રારેડ રેડિએશનના કિરણોને શોષતા, ખાસ કરીને કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ વધવાથી ક્લાયમેટ ચેન્જની પરિસ્થિતિનું નિર્માણ થાય છે. જયારે, કેટલીક અવસ્થા દરમિયાન ઓઝોનને નુકશાન કરતા વાયુઓ વાતાવરણમાં છોડવાથી ઓઝોનનો નાશ થાય છે.

લોકો દ્વારા ઓઝોન દિનની ઉજવણીઃ

વિશ્વસ્તરે પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના વર્ગખંડોમાં ઓઝોન, ક્લાયમેટ ચેન્જ અને ઓઝોનનું પડ ક્ષીણ થવા બાબતની માહિતીનું આદાન-પ્રદાન થાય છે. ઓઝોન પડ સંબંધિત ઉપલબ્ધ શૈક્ષણિક સાહિત્યનો કેટલાંક શિક્ષકો વ્યવહારૂ ઉપયોગ કરે છે. લોક સમૂદાયોના વિભિન્ન મંડળો, પર્યાવરણમાં રુચિ ધરાવતા લોકો, શૈક્ષણિક સંસ્થાઓ, સ્થાનિક સંસ્થાઓ, ઉદ્યોગ મંડળો, સરકારી કાર્યાલયો, વગેરે દ્વારા વિષયોચિત તેમજ ઓઝોન ફ્રેન્ડલી ઉત્પાદનોની જાણકારી આપવામાં આવે છે. આ પ્રસંગે નગરોનો કચરો, પ્લાસ્ટિકનો કચરો અને ઈ-વેસ્ટના ક્ષેત્રમાં રિડ્યૂસ, રિયૂઝ, રિસાયકલ અને રિપ્રોડ્યૂસની પ્રદ્ધતિ અપનાવી શકાય તેમ છે. ઉપરાંત, રોપારોપણના વ્યાપક કાર્યક્રમો દ્વારા આપણુ પર્યાવરણ સ્વચ્છ રાખવા માટે સૌનું ધ્યાન દોરી શકાય છે. ચાલો, ઓઝોન પડની સુરક્ષાનું મિશન વણથભ્યું આગળ ધપાવીએ...